# ગુજરાતમાં બોલાતી આદિવાસી ભાષાઓનાં તથ્યો અને વિશેષો

ગુજરાતમાં બોલાતી આદિવાસી ભાષાઓનાં તથ્યો અને વિશેષો સમજવા, કહેવાનો પ્રયાસ મૂળે ભાષાવિજ્ઞાન અને ભાષાની જ્ઞાનપ્રણાલીને લગતો હોય. આદિવાસી સમાજો જંગલોમાં વસે છે. ગુજરાતની પૂર્વપટ્ટીમાં વસતા આદિવાસીઓની લગોલગ રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રની હદોએ પણ મોટી સંખ્યામાં આવી જ ભાષા બોલનારા આદિવાસી વસે છે. એ ત્રણ પડોશી રાજ્યોની આદિવાસી ભાષામાં જે તત્ત્વો છે તે સ્વાભાવિક રીતે ગુજરાતની આદિવાસી ભાષાઓમાં પણ હોય જ અને છે પણ.

ગુજરાતમાં પચ્ચીસ-ત્રીસ જેટલી આદિવાસી ભાષાઓ બોલાય છે. નૃવંશીય રીતે આ સમાજો સાથે વિમુક્ત વિચરતા સમાજોની ભાષાઓ પણ આવે જ. સમુદ્રતટ અને રણવિસ્તારના સમાજોની પણ આમાં ગણતરી થાય. બધી થઈને નાનીમોટી આવી ભાષાઓ સો જેટલી થાય.

આદિવાસી ભાષાઓમાં ડાંગી, કુંકણા, કઠાલી, વસાવી, માવચી, ચૌધરી, દેહવાલી, ગામીત, વારલી, ધોડિયા, ડુંગરા, ભીલી, તલાવિયા, રાઠોડ, આંબુડી, ઐરાણી, કોટલી, કોટવાલી, ગોરપા, તડવી, રાઠવી, કોળી, કોલઘા, માંગેલી વગેરે ભાષાઓ દક્ષિણ ગુજરાતમાં બોલાય છે. આ બધા સમૂહો એકબીજા સાથે અમુક હદની સરળતાથી પ્રત્યાયન કરી શકે છે.

ઉત્તર ગુજરાતની આદિવાસી ભાષાઓ ડુંગરી ભીલી, ગરાસિયા, કાથોડી વગેરે છે. મધ્ય ગુજરાતની આદિવાસી ભાષાઓમાં પંચમહાલી ભીલી, રાઠવી, કોળી વગેરે આવે.

મધ્ય પ્રદેશ, રાજસ્થાનની હદે રહેતા ગુજરાતના આદિવાસીની હિન્દી મારફત પ્રત્યાયન કરવાની ક્ષમતા છે. એટલે કે આદિવાસી સમાજો સહજ રીતે અંદરોઅંદર બહુભાષી છે અને પડોશી રાજ્યોના આદિવાસીઓ અને અન્યો સાથે દ્વિભાષી છે.

બિનઆદિવાસી લોકોને આદિવાસી ભાષાઓ આવડતી નથી. આદિવાસીને બિનઆદિવાસીઓની ભાષાઓ આવડે છે. ભાષા સમજવાની તૈયારી અને ક્ષમતા આદિવાસી સમાજમાં રોજીને લીધે થતા સ્થળાંતરને કારણે ખૂબ વધારે પ્રમાણમાં છે. એટલે એમના મનમાં અન્ય ભાષાઓ સાથેના અનુવાદની ક્રિયા થાય છે.

આદિવાસી ભાષાઓ ગુજરાતી ભાષાની પેટાભાષાઓ છે એવી માન્યતા આધારહીન, અવૈજ્ઞાનિક છે. એને વંશીય, શાસ્ત્રીય સમર્થન નથી. આદિવાસી ભાષાઓ જંગલોમાં ઉછરેલી ભાષાઓ છે. ગુજરાતી ભાષાનો ઉછેર મેદાનોમાં થયેલો છે. વ્યાપારી સંપર્કો અને અહીંથી બહાર અને બહારથી અહીંથી થયેલાં સ્થળાંતરને આભારી છે. ગુજરાતી ભાષાનો ઇતિહાસ બારસો વરસનો છે. આદિવાસી ભાષાઓનો ઇતિહાસ, ભૂતકાળ આનાથી બે-ચાર ગણો છે.

ગુજરાતી અને ગુજરાતની આદિવાસી ભાષાઓ વચ્ચેનો આદાનપ્રદાનનો વ્યવહાર છેલ્લાં સો વર્ષોમાં ક્રમશઃ તીવ્ર થઈ રહ્યો છે.

રાજ્યવાર એક મુખ્ય ભાષા વહીવટ માટે થઈ એના લીધે આદિવાસીએ ઝડપથી ગુજરાતી શીખવા માંડ્યું. પણ તંત્ર અને સમાજે એટલી ઝડપથી આદિવાસી ભાષાઓ શીખવાનું ટાળ્યું.

હવે આદિવાસી સંસ્કૃતિ અને સાહિત્યમાં જોવા મળતાં આદિવાસી ભાષાનાં તથ્યો અને વિશેષો પણ જોઈએ:

૧) આદિવાસી કથાઓ, કથાગીતો, મહાકાવ્યો, ગીતો અને મંત્રો બે-ચાર હજાર વર્ષથી પહેલાં જન્મી, પરિવર્તિત થઈને આજેય જીવતાં છે. આતથ્ય સૌથી મોટું છે. જ્યારે કે બીજા બિનઆદિવાસીઓએ પોતાની મૌખિક સાહિત્યની પરંપરાને ખોઈ દીધી છે.

૨) આ મૌખિક રચનાઓમાં પ્રકૃતિ સાથે સંવાદ અને માનવો સાથે સહજીવનથી સાધેલાં, પામેલાં જીવનમૂલ્યો સર્જનશીલતાથી પ્રબળ રીતે કોઈને પણ આકર્ષે છે.

૩) આ ભાષાઓમાં અવકાશ, સ્થળ ઉપરાંત જીવનવ્યવહારો જેવા કે ખેતી, કુદરતમાં, દેવ-દેવીમાં આસ્થા, ખેતી, ખગોળ, શિકાર, ઋતુઓ, દેહ વગેરે અંગે ભરપૂર શબ્દો છે. આ શબ્દોનાં મૂળ અને કુળને જાણવાથી આદિવાસીના અમૂર્ત વારસાની વિપુલતાનો ખ્યાલ આવે. ભાષાકીય

નૃવંશવિદ્યાનું આ ક્ષેત્ર છે. આદિવાસીની મૌખિક કૃતિઓમાં ડુંગરી ભીલોનાં મહાકાવ્યો, સૃષ્ટિસર્જનની કથાઓ (સં. ભગવાનદાસ પટેલ) અને રાજા માનસિંગ અને સાળવાં રાણીની તથા કંસરીની કથા (ડાહ્યાભાઈ વાઢુ સંપાદિત)નો એ દૃષ્ટિએ અભ્યાસ થાય તો વધુ ઐતિહાસિક તથ્યો આદિવાસી સમાજ સંદર્ભે સાંપડે.

૪) મૌખિકતાથી જગતને જાણવા અને વર્ણવવાની આદિવાસીની રીતમાં પ્રભુધારાથી અલગ જ વિશ્વને જોવાની દૃષ્ટિ છે. પ્રભુધારાની નજરે જગતને જોવાની ટેવ પડી છે તે જ્ઞાનના વિશ્વ માટે ઘાતક છે.

૫) આદિવાસી ભાષાઓમાં વંશગત અને ઐન્દ્રિયિક સ્મૃતિ જ મુખ્ય છે. પૂર્વજોના માનસ સાથે એકત્વનો અનુભવ એમની વિશેષતા છે.

૬) કુદરતે આપેલા અને પોતે ઘડેલા વસ્તુજગતથી ઊભા થતા સંવાદમાં પ્રામાણિકતા અને નિષ્ઠા છે. વ્યાપારથી સંચાલિત ભાષા દ્વારા થતા જગતમાં તો ભાષાથી જ ભાષા ઘડાય અને શબ્દસૌંદર્ય રચાય છે એવું આદિવાસી સાહિત્ય બાબતે નથી.

૭) ૧૮૬૮ પૂર્વે જંગલનો વિસ્તાર સાર્વભૌમ હતો. એટલે કે કહેવાતી રાજ્યસત્તાથી બહાર હતો. જ્યાં કોઈની પણ દખલ નથી એવા પ્રદેશ અને મનમાં સત્, સત્યનું કથન નીડરપણે અને યોગ્ય રીતે થાય. આ દૃષ્ટિ આદિવાસી જીવન, ભાષા, સાહિત્ય, સંસ્કૃતિમાં આજે પણ છે. એ સાર્વભૌમત્વની યાદ આદિવાસી સાહિત્યમાં ને ભાષામાં બરકરાર છે.

આદિવાસી ભાષાઓની હાલની આવૃત્તિ પર ભારોપિય દ્રવિડી, મુંડારી ભીલી, સાંથાલી, ભીલી ભાષાઓની પરસ્પર અસરો અનિવાર્યપણે જોવા મળે છે. ઉત્તર, મધ્ય અને દક્ષિણના પર્વતોની હારમાળામાં પ્રવાસશીલ આદિવાસી ભાષામાં ઘણાં બધાં તત્ત્વો છે. જમીન પર સપાટ રીતે પ્રવાસ હોય તેમ આદિવાસીનો પ્રવાસ જંગલોમાં પર્વતો પર ચઢી ઊતરીને થતો પ્રવાસ છે, હતો. આજે રાજ્યોની સીમાઓ, ભાષાઓની સીમાઓ બાંધીને વહીવટકર્તા સમાજે બંધિયાર થઈ ગંધાઈ ઊઠવા, વહેલા મરણશરણ થવાનો પ્રકલ્પ ઉપાડ્યો છે. ઓછામાં ઓછાં સાધનોથી જીવી બતાવતા આદિવાસીને આવતીકાલની આપણા ધરતી પરના જીવનની ચિંતા હતી, પરંતુ એ સર્વોપરી મુદ્દાની સત્તામાં મસ્ત લોકોને લેશભર તમા નથી.

આદિવાસી ભાષાઓ ધીમે ધીમે લુપ્ત થઈ રહી છે એમાં આદિવાસીનો ધરતીને બચાવવાનો સંદેશ છે. બધી શક્તિઓ લગાડીને આ ઊંધો રસ્તો છોડી પાછા વળવું હોય તો હજુ વળી શકાય એમ છે.

---

*આદિલોક, તંત્રી આનંદ વસાવા, ૨૦૨૪માં પ્રગટ*

# ગુજરાતના સાહિત્યમાં આદિજાતિ, દેશ અને રાષ્ટ્ર

ભારતમાં સદીઓથી ત્રિસ્તરીય સમાજ છે - આદિવાસીઓ, ગ્રામીણ જનતા અને શહેરી અથવા નાગરિક વર્ગ. બ્રાહ્મણ, ક્ષત્રિયો, વૈશ્ય ને શુદ્રોમાં 18 પગડ (ચાર વર્ગો સિવાય) નો સમાવેશ કર્યો નથી. ભારતીય સમાજને જોવાની આ બીજી રીત છે. આદિજાતિનો વિચાર વસાહતી શાસન દરમિયાન શરૂ થયો હતો અને રાષ્ટ્રનો વિચાર ભારતમાં વૈદિક કાળથી છે. આદિવાસીઓ અને રાષ્ટ્રની રચના ભૌગોલિક અથવા રાજકીય રીતે મર્યાદિત ભૂમિમાં થાય છે જ્યાં લોકો વસવાટ કરે છે અને મુલાકાત લે છે. આર્યો અને દ્રવિડ અને અન્ય ઘણા લોકો કે જેઓ ભારતમાં આવ્યા હતા અને જેઓ જંગલોમાં રહેતા હતા, તેઓ ક્યારે, ક્યાં અને કેવી રીતે રહેતા હતા તે કોઈ કહી શકતું નથી પરંતુ આપણે લોકોના જૂથોના પ્રવાહ, સ્થળાંતર અને એકીકરણની કલ્પના કરી શકીએ છીએ. જાતિઓ અને પેટાજાતિઓ સમયના જવા સાથે પોતાને વર્ગોમાં ફેરવે છે.

જૂથો વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયાએ સુમેળ અને સાથોસાથ વિસંગતિનું નિર્માણ કર્યું જે સમયગાળા પછી આત્મસાત્ થઈ ગયેલું દેખાય છે. આ બધું જમીનની પૃષ્ઠભૂમિમાં થયું જેણે લોકોને વિવિધ પ્રકારની ઓળખ આપી. સામાજિક-આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય તંતુઓએ જાતિ, જનજાતિ, જાતિ, દેશ અને રાષ્ટ્રની કલ્પનાને વર્ણવી છે. જાતિઓ અને સમૂહોનું સામાન્યીકૃત હિત કાલ્પનિક રાષ્ટ્રને રાજનીતિકૃત રાષ્ટ્ર બનાવવામાં મદદ કરે છે.

આદિવાસી માટે દેશનો મોટો મહિમા છે. ખરું એ છે કે આદિવાસી, દલિત, નાના સમૂહોની સંસ્કૃતિ, ભાષા, કલા, સાહિત્ય વગેરેથી દેશ બને છે. એમના માટે દેશ ખૂબ પવિત્ર શબ્દ છે. રાષ્ટ્ર એ વિદ્વાનો, અગ્ર વર્ગોએ દેશના તમામ સમૂહોને પવિત્રતા, એકતા અર્પવા નિર્માણ કરેલું છે. બંને ખ્યાલો લોકશાહીમાં એકમેકના પૂરક છે. એમાં સંવાદ કેવી રીતે લાવી શકાય તે જાણતલ લોકો જાણે છે.

ભારતમાં વિવિધ આદિવાસી જૂથો, સમુદાયો અને વિવિધ રાષ્ટ્રો (રાષ્ટ્ર =પ્રજા)

ની કથાઓ છે. લોકો એક રાષ્ટ્રમાં વિવિધ જૂથોના બંધનકર્તા તત્ત્વ તરીકે મૌખિક મહાકથાઓને માને છે. કથાઓ, કાલ્પનિક કથાઓનાં વિલક્ષણ તત્ત્વો જનજાતિથી જનજાતિમાં, સમુદાયથી સમુદાયમાં અને જ્ઞાતિથી જ્ઞાતિમાં અલગ પડે છે. આ વિવિધતા ભાતીગળ રાષ્ટ્રની ઓળખ તરફ દોરી જાય છે. રાષ્ટ્રની કલ્પનાનો ઇતિહાસ તાજેતરનો નથી. તેનું મૂળ જીવનમાં છે, ક્યારેક શોધી શકાય તેવું અને ક્યારેક શોધી ન શકાય તેવું જણાય છે.

ભારતીય સંદર્ભમાં આદિવાસીઓ વિવિધ મૂળના છે. તેમની પાસે તેમની ધાર્મિક વિધિઓ અને રોજિંદા જીવનના ભાગ રૂપે કાલ્પનિક કે વાસ્તવિક કથાઓ દ્વારા જીવંત બનેલી વિવિધ સાંસ્કૃતિક યાદો છે. તેમની પાસે દંતકથાઓની ઊર્જા છે જેમાં તેઓ આનંદ મેળવે છે અને તેમની ઓળખને કાયમી બનાવે છે. આદિવાસીઓનું મૂળ બળ તેમનાં જંગલો, નદીઓ અને શિકાર-એકત્રીકરણ અને કૃષિ જીવનના માર્ગો છે. તેમની સ્વાયત્તતા પર બ્રિટિશ શાસન દ્વારા અતિક્રમણ કરવામાં આવ્યું હતું. એના પહેલાં જંગલો આદિવાસીઓનાં સ્વાયત્ત ક્ષેત્રો હતાં. તે 19મી સદીના મધ્યમાં બ્રિટિશ સાર્વભૌમ ક્ષેત્ર હેઠળ લાવવામાં આવ્યું હતું. આદિવાસીઓએ તેમના જીવન અને જંગલ આધારિત સંસાધનોની સ્વાયત્તતા માટે આ બ્રિટિશ અતિક્રમણ સામે લડવું પડ્યું. અંગ્રેજો અને આદિવાસીઓ વચ્ચે જંગલમાં શું ચાલી રહ્યું હતું તેની સાદા ગામ, નગરના રહેવાસીઓને બહુ ઓછી જાણ હતી. નાગરિક વર્ગો અંગ્રેજો સામે લડવા માટે આદિવાસીઓ દ્વારા એક હથિયાર તરીકે કલ્પનાથી ઘણી રચનાઓ કરવામાં આવી હતી. વારસાગત વાતો અને નવાં રચાયેલાં કથાવર્ણનોએ આદિવાસીઓને મુખ્ય પ્રવાહના વર્ગો, જાતિઓ અને મૂળ શાસકોથી વધુ અલગ કર્યા આદિવાસીઓની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને બંધાયેલા કામ કરવા અને અંગ્રેજો દ્વારા કેદ કરવામાં આવ્યા હતા. આ બધું 1947 સુધી એકસો વીસ વર્ષ ચાલ્યું.

ગુજરાતમાં 25 આદિવાસી સમુદાયો અને 60થી વધુ વિચરતી જાતિના સમુદાયો છે. તેઓ પરંપરાગત રીતે મૌખિક કથાઓ બાબતે સમૃદ્ધ છે. આધુનિક ભારતમાં આજે આપણે જાણીએ છીએ તેમ કાલ્પનિક લિખિત કથાઓ માંડ બે અઢી સદી જૂની છે પરંતુ મૌખિક કથાઓ 6000 વર્ષથી વધુ જૂની છે, જેનાં ઉદાહરણો રેકૉર્ડ કરેલા સાહિત્યમાં ઉપલબ્ધ છે. આદિવાસી મૌખિક કથાઓ એક સાથે અને જૂની પણ છે. આવાં જૂના મૌખિક વર્ણનો કરવામાં આવ્યાં હતાં. ધાર્મિક વિધિઓ રોજિંદા જીવનમાં પ્રેમ અને સૌહાર્દનું નિર્માણ પણ

કરતા આવ્યા છે.

પ્રદેશ અને રાષ્ટ્રના વિચારો આદિવાસીઓની સમજનો ભાગ કદી નથી રહ્યા. કહેવાતી મુખ્ય ભાષાઓના આધારે ભારતીય રાજ્યોની રચનાને કારણે સાક્ષર મુખ્ય પ્રવાહ દ્વારા લખાયેલા કાલ્પનિક સાહિત્યમાં આદિવાસીઓના જીવનના ચિત્રણ માટે બહુ ઓછી જગ્યા છે. આદિવાસીઓનું જમીનથી ઘેરાયેલું ભાગ્ય, બિનવેપારી માનસ અને સાક્ષરતાનો અભાવ, તેમની ભાષાઓની લિપિનો અભાવ તેમને તેમની બહારની દુનિયા સુધી પહોંચવાથી વંચિત રાખે છે. ભારતમાં પ્રાચીન અને મધ્યયુગીન સમાજો પ્રદેશનો વિચાર હંમેશાં વિસ્તરતા અને પરસ્પર કાપતાં વર્તુળોનો છે. આ સંદર્ભના પંથક, મંડલ, ઇલાકો, મુલક, પરગણા જેવા શબ્દો જે હવે વિસ્મૃત થઈ રહ્યા છે. રાજ્યનું પરિમાણ એક મુખ્ય ભાષામાં સીમિત છે. દ્વિતીય ભાષા તરીકે હિન્દી અને ત્રીજી ભાષા તરીકે અંગ્રેજી, વહીવટમાં હિન્દીને મદદ કરે છે. આદિવાસીઓની એવી કોઈ ભાષા નથી કે જેને પ્રાથમિક સ્તરે દેશના શિક્ષણના માધ્યમ તરીકે સ્થાન મળ્યું હોય. આદિવાસીઓને આધુનિક શિક્ષણ આપવા માટે ત્રણ ભાષાના સૂત્રે ક્યારેય આદિવાસી ભાષાઓને મુદ્રિત સ્વરૂપમાં વિકસવા દીધી નથી. રાજ્યે આદિવાસીની કલ્પનાના વિકાસને જોઈતું, પૂરતું પ્રોત્સાહન મળ્યું નથી.

દેશના અન્ય ભાગોની જેમ ગુજરાતમાં પણ આદિવાસીઓ તેમના પૂર્વજોનાં જંગલો અને જમીન બચાવવા લડ્યા હતા. અંગ્રેજ સમયથી દેશના વહીવટ સાથે જોડાયેલાં જંગલો અને આદિવાસીઓ તરફના વસાહતી દૃષ્ટિકોણને સ્વતંત્ર ભારતની સરકારો અનુસરતી રહી છે. આદિવાસી માટે તો તેમનાં પોતાનાં જંગલ, જમીન, નદીઓ પોતાના દેશને બનાવનારાં તત્ત્વો છે. ‘દેશ’ અને ‘બહાર’ વિશેના વિચારની આ દૃષ્ટિ આદિવાસીઓની મૌખિક કથાઓમાં સમાયેલી છે.

ગુજરાતીતાની વ્યાખ્યામાં આદિવાસીઓનું સ્થાન બહુ નાનું છે. ભીલીના લગભગ એક કરોડ ભાષકોને પ્રાથમિક શિક્ષણ આજે પણ ગુજરાતીમાં જ લેવું પડે છે. જેમ જેમ આદિવાસીઓ જંગલો, તેમની પરંપરાગત જમીનો પર તેમના પૂર્વજોના અધિકારો ધરાવે છે અને દાવો કરે છે, મુખ્ય પ્રવાહ તેમને તેમના દ્વારા સંચાલિત વિકાસના એન્જિનના માર્ગમાં અવરોધ તરીકે જુએ છે. જંગલમાં વસતા આદિવાસીઓ અને વિચરતા આદિવાસીઓ કુલ પ્રાદેશિક ગુજરાતની વસતિના લગભગ 18થી 20 ટકા છે.

આનંદની હકીકત છે કે ગુજરાતના પૂર્વ પટ્ટામાં વસતા આદિવાસીઓ પાસે ગવાતાં મહાકાવ્યો અને મૌખિક કથાઓની સમૃદ્ધ જીવંત પરંપરા છે. કચ્છનો પ્રદેશ, સૌરાષ્ટ્ર, મધ્ય અને ઉત્તર ગુજરાત જ્યાં વિચરતા આદિવાસીઓ રહે છે, ત્યાં પણ મૌખિક કથાઓની સમૃદ્ધ પરંપરા છે.

ડુંગરી ભીલો પાસે ચાર મૌખિક મહાકાવ્યો છે અને ત્રીસથી વધુ કથાઓ આજે પણ જુદા જુદા પ્રસંગોએ ગવાય છે. ડાંગી કુંકણામાં રામકથા અને રાજા માનસિંહ અને રાણી સાળવાંની વાર્તા અને કણસરીની વાર્તા છે. હોલો અને ગિંબદેવની વાર્તા દક્ષિણ ગુજરાતના દેહવાલી ભીલોમાં છે. રાઠવા ભીલો પાસે પિઠોરાનું મહાકાવ્ય છે, અઠવાડિયા સુધી ચાલતા આ અનન્ય બહુકલાસ્વરૂપીય ધાર્મિકવિધિ સાથે સેન્દ્રિય રીતે વણાયેલી જીવંત ચિત્રઆલેખનની પરંપરા છે.

સૌરાષ્ટ્ર અને કચ્છના આદિવાસીઓ અને વિચરતા આદિવાસીઓ પાસે પ્રાચીન, મધ્યકાલીન લોકનાયકોની મૌખિક કથાઓ છે. ઝવેરચંદ મેઘાણીએ સૌરાષ્ટ્રના સમુદાયો, આદિવાસીઓની આ મૌખિક કથાનું દસ્તાવેજીકરણ કર્યું. સિંધુ અને હડપ્પા જેવી ઘણી મહાન સંસ્કૃતિઓના પારણા તરીકે કચ્છને સંપૂર્ણ રીતે હજુ સમજવામાં આવ્યું નથી. તેની હાજરીનો ગુજરાતમાં સાંસ્કૃતિક સમાવેશ હજુ ઝાઝો સમજાયો નથી. તે સમુદ્ર અને રણની વચ્ચે એક ઉકળતું મહાપાત્ર છે જ્યાં સિંધ અને દૂર દૂરના પ્રદેશોમાંથી અસંખ્ય આદિવાસીઓ સ્થળાંતર કરે છે, સ્થાયી થાય છે અને જુદા જુદા ભાગોમાં સ્થળાંતર કરે છે, તેઓ પણ લગભગ એક ડઝન ભાષાઓ ધરાવે છે - જત, મુતવકી, સોઢકી, સિંધી, મેમણી, ભીલી વગેરે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં 8મીથી 12મી સદી ઈ. સ. સુધી જમીન અને સમુદ્રમાંથી સ્થળાંતરિત સમુદાયોનો સૌથી મોટો ધસારો જોવા મળ્યો છે. વિચરતા આદિવાસીઓ કચ્છમાં ભજન, કવ્વાલી અને ગઝલ એકસાથે ગાય છે. અહીં મંદિર અને મસ્જિદનું ભૌતિક અને માનસિક સહઅસ્તિત્વ છે. તાજેતરનાં વર્ષોમાં આપણે જોઈએ છીએ કે એક ધર્મમાંથી રાષ્ટ્ર બનાવવાના પ્રયાસો કરવામાં આવે છે.

શા માટે આ બધા આદિવાસી, અશિક્ષિત સમુદાયો રાષ્ટ્રને એક નક્કર હકીકત બનાવવા માટે તેમની યોગ્ય, હકની જગ્યાથી વંચિત છે?

ગુજરાતીની પ્રાદેશિક ઓળખની રચના 13મી સદીમાં સિદ્ધરાજ જયસિંહના શાસન દરમિયાન શરૂ થઈ હતી જ્યારે આચાર્ય હેમચંદ્રએ સિદ્ધહેમ અનુશાસનનું

સંકલન કર્યું હતું. નર્મદાશંકર દવે (જન્મ 1833) કહે છે કે તેમનો દેશ - રાષ્ટ્ર ઉત્તરમાં હિમાલયથી પૂર્વમાં બ્રહ્મપુત્રા, પશ્ચિમમાં સમુદ્ર અને સિંધુ નદી સુધી છે જ્યાં આ ચાર સીમાઓમાં આ દેશના માનવ પરિવારો વસે છે. આ પરિવારો હિંદુ, મુસ્લિમ, જરથોસ્તી અને ખ્રિસ્તી છે. લોહી, ભાષા અને ધર્મ આપણને સંબંધમાં બાંધે છે. ઘણા કહે છે કે બ્રિટિશ શાસન હેઠળની આઝાદી દેશી શાસન હેઠળ અનુભવાયેલી સ્વતંત્રતા કરતાં ઘણી સારી હતી. સાથે જ તે ગોરાઓથી લઈને સ્વાતંત્ર્યોત્તર કાળા-ગોરાઓ સુધીના થયેલા અન્યાયની વાત કરે છે. કરણઘેલો, પ્રથમ ગુજરાતી નવલકથા પરાયા રાજકીય શાસનની પૃષ્ઠભૂમિમાં ગુજરાતની ઓળખને મજબૂત કરે છે. મુનશી લિખિત સાહિત્યિક પરંપરામાં ગુજરાતી પ્રદેશની રચનાના વિચારને મજબૂત કરે છે. ગુજરાતની તત્કાલીન રાજધાની પાટણના ગૌરવનો આ ઇતિહાસ ક. મા. મુનશી અને ગુજરાતીતાનો વિચાર આજ સુધી મજબૂત થતો રહ્યો છે.

ઝવેરચંદ મેઘાણી ઇતિહાસને વળી કલ્પનાના સાહિત્યજળમાં સ્નાન કરાવે છે. તેમનો નાયક સોરઠભૂમિ છે, 19મી સદીના સૌરાષ્ટ્રની નૈતિકતા, પરિવેશ અને તેનો ભૂતકાળ છે. તેઓ દલિત અને ભૂખ્યા લોકો, વિચરતા આદિવાસીઓની તરફેણમાં સ્થાનિક શાસકો સામે લડતા બહારના કાયદાઓનું ચિત્રણ કરે છે. તેમનાં પાત્રો તેમની વંશીય અને વ્યક્તિગત ઓળખ, સ્વ-સન્માન અને સ્વાયત્તતા માટે જીવે છે. તે બહુવિધ ધર્મો અને વંશીય જૂથો, ઇસ્લામિક, હિંદુ, આદિવાસી અને અવ્યાખ્યાયિત સ્થળાંતર કરતા સમુદાયોનું ચિત્રણ કરે છે. 'ગુર્જર' ઓળખની છબી 'સોરઠ તારાં વહેતાં પાણી' ઉમદા માનવીય મૂલ્યોથી ભરેલી છે. તે રાષ્ટ્રવાદી ભાવના ગાય છે. અહીં તે રાષ્ટ્રની ઓળખ પર વંશીય ઓળખને સર્વોચ્ચ ગણતા નથી. એ યાદ રહે કે મેઘાણી અંગ્રેજીમાં ભણેલા લોકસાહિત્યના વિદ્વાન હતા. તેમના 'ગુજરાતનો જય'માં તેઓ સિદ્ધરાજ જયસિંહના 13મી સદીના ઇતિહાસ પર આધારિત પ્રદેશ તરીકે ગુજરાતની છબી દોરે છે. વિચરતા સમાજો અને યોદ્ધાઓના સમુદાયોમાંથી આવતાં તેમનાં પાત્રોને બહાદુરીથી વ્યાખ્યાયિત કરવામાં આવે છે. 1871ના બ્રિટિશ કાનૂનમાં સૂચિબદ્ધ 'ગુનેગાર જનજાતિ' એવી આડોડિયા જાતિ 'વસુંધરાનાં વહાલાંદવલાં' માં છે. તેમના વિચાર પ્રમાણે અખંડ આર્યાવર્તમાં આ જનજાતિ રાષ્ટ્રની રચનામાં તેની ઓળખ ગુમાવે છે.

પન્નાલાલની 'માનવીની ભવાઈ', 'ઘમ્મર વલોણું', 'ના છૂટકે'માં આપણને

વાસ્તવિક આદિવાસી જીવનસંઘર્ષ પણ કાલ્પનિક લાગે છે. તેમણે બ્રિટિશ શાસન દરમિયાન દક્ષિણ રાજસ્થાનને અડીને આવેલા ઉત્તર-પૂર્વીય પ્રદેશમાં રહેતા આદિવાસીઓના જીવનનું ચિત્રણ કર્યું છે. તે આદિવાસીઓ વિશે કાલ્પનિક સર્જન કરે છે. તે 19મી સદીની શરૂઆતથી જુલમનો લાંબો ઇતિહાસ ધરાવે છે અને બ્રિટિશ શાસન દિવસે ને દિવસે વધુ મજબૂત બનતું જાય તેમ જુલમ વધે છે. 'ના છૂટકે' અંગ્રેજ અને દેશી શાસકો તેમજ શાહુકારો-જમીનદારોની જુગલબંદીના ત્રાસથી તેમની હડપાઈ જતી જમીન અને જંગલની સામે લડી રહેલા બે 'ગેરકાયદેસર' પરિવારો વિશેની નવલકથા છે. 19મી સદીના ત્રીજા દાયકામાં અંગ્રેજોએ ગુજરાતના ઉત્તર-પૂર્વમાં આવેલા ડુંગરપુરના જંગલ પર કબજો કરવાનો પ્રયાસ કર્યો. 1844માં સાબરકાંઠા અને ઉત્તર-પૂર્વીય વિસ્તારના આદિવાસીઓ અંગ્રેજો સામે ઊભા થયા. 19મી સદીના ઉત્તરાર્ધમાં તેમના દ્વારા દુષ્કાળની હારમાળનો સામનો કરવો પડ્યો હતો. અંગ્રેજોએ મહેસૂલ લાદ્યું જે આદિવાસીઓ ચૂકવવા સક્ષમ ન હતા. જ્યારે તેઓ મહેસૂલ ભરી શક્યા ન હતા ત્યારે તેમની પાસેથી તેમની જમીન લઈ મહેસૂલ ભરનારાઓને આપવામાં આવી હતી. આમ, હજારો આદિવાસીઓ તેમના પરંપરાગત રીતે વારસામાં મળેલા જંગલ અને જમીનથી વિમુખ થઈ ગયા હતા. તેમના વિદ્રોહ ઘણી વાર હિંસક બની ગયા હતા પરંતુ તેઓ અંગ્રેજો સામે લડ્યા હતા. આ નવલકથા જુલમી અને અન્યાયી શાસન સામે ગુજરાતના આદિવાસીઓની બહાદુર લડતની ગાથા છે. સર્જનાત્મક કલમોનો આ પ્રથમ વાસ્તવિક પ્રતિભાવ છે. તેઓ આદિવાસી જીવનશૈલી વિશે અધિકૃત રીતે લખે છે, જાણે કે તેઓ અંદરના વ્યક્તિ હોય. પન્નાલાલ પટેલની લગભગ સો જેટલી ટૂંકી વાર્તાઓ પણ આદિવાસીઓ પરનો ખૂબ જ સૂક્ષ્મ અને સંવેદનશીલ રીતે સંપૂર્ણ પાયાનો સર્જનાત્મક અવાજ છે. આ બધું અત્યાર સુધી ગુજરાતમાં ખાસ જાણીતું નથી. તે બે મંતવ્યો મૂકે છે. એક 'ગેરકાયદેસર' બનવાનું અને બીજું 'અહિંસા' પસંદ કરવાનું એટલે કે ગાંધીને અનુસરવાનું.

તેઓ કોઈ મૂલ્યલક્ષી નિર્ણય લેતા નથી પરંતુ પોતે ઓળખેલી સમસ્યા વિશે લખવાના સર્જકધર્મને વળગી રહે છે.

સૌ પહેલાં દેવશંકર મહેતાએ વિચરતા, વિમુક્ત આદિવાસીઓ વિશે નવલકથા, વાર્તાઓ લખી છે દા. ત. અલબેલી આડોડિયણ. સુહાસિની નવલકથા 'મેઘલી રાતે' છે.

1980ના દાયકામાં આપણને જયંત ગાડિતની 'બદલાતી ક્ષિતિજ' વિચરતા આદિવાસીના જીવન પર, વાલમગિરિ ગોસ્વામી દ્વારા 'સાગર કાંઠે સૂની પ્રીત' દરિયાકાંઠાની જાતિ વિશે આલેખન મળે છે. મણિલાલ પટેલની 'અંધારું'. કિશોરસિંહ સોલંકીની 'મશારી' અને 'અરવલ્લી', ધ્રુવ ભટ્ટની 'સમુદ્રાંતિકે', સુરમલ વહોનીયાની 'દાપુ' અને 'મંડોળ', કનુ આચાર્યની 'સખી બદલો શમણાં', નાઝીર મન્સૂરીની 'ચંડાળચકરાવો' અને 'વેશપલટો' દરિયાકાંઠાની જાતિઓ વિશે, મોના પાત્રાવાલાની 'ઘોરખોદિયા' (ભાગ I અને II), આદિવાસીઓ અને વિચરતા સમુદાયોની જીવન પરિસ્થિતિઓ અને મુદ્દાઓની વધુ કે ઓછી ચર્ચા કરતી નવલકથાઓ છે. જયંત ગાડિત, વાલમગિરિ ગોસ્વામી, મણિલાલ પટેલ, કિશોરસિંહ સોલંકી, ધ્રુવ ભટ્ટ અનુક્રમે વાઘરી, દરિયાકિનારાની જાતિ, નાયક, આદિવાસી અને દરિયાઈ ખારવાઓ વિશે લખે છે. વહોનિયા આદિવાસી સમુદાયના લેખક, તેમના પોતાના વાતાવરણમાં આંતરિક પ્રેક્ષક તરીકે લખે છે.

કાનજી પટેલનો વાર્તાસંગ્રહ 'ડેરો', નવલકથા 'ભીલની ભોંય' ઉપરાંત કવિતા સંગ્રહો છે. કનુ આચાર્યના 'આંતરબાહ્ય' 'ગાંધીનો દીકરો થા મા', પ્રભુદાસ પટેલનો 'વન્યરાગ', મોના પાત્રાવાલાનો વાર્તાસંગ્રહ 'રાની બિલાડો'માં વાંસદાના જંગલમાં પારસીઓથી શોષાયેલા, ત્યાં વસતા આદિવાસીઓ વિશે ગુજરાતના પંચમહાલ પ્રદેશના વિચરતા આદિવાસીઓ અસ્તિત્વ માટે લડત અને કરુણ સ્થિતિ વિશે કાનજી પટેલ અને કનુ આચાર્ય અનુક્રમે મધ્ય ગુજરાતના અને બનાસકાંઠાના ઉત્તર જિલ્લાના વિચરતા સમુદાયો વિશે લખે છે. પ્રભુદાસ પટેલે દક્ષિણ રાજસ્થાનની સરહદે આવેલા સાબરકાંઠા જિલ્લામાં ડુંગરી ગરાસિયા ભીલોના જીવનનું તાદશ નિરૂપણ કર્યું છે. નાઝીર મનસૂરી સૌરાષ્ટ્રમાં દીવની આસપાસ રહેતા દરિયાઈ સમુદાયો વિશે તાદશ લખે છે.

સદીઓમાંથી પસાર થતાં અને છેલ્લી સદી અને 21મી સદીની શરૂઆતમાં અટકીને આપણે જોઈએ છીએ કે આદિવાસીઓએ મુખ્ય પ્રવાહના સાથીઓ અને પરાયા શાસકોના જુલમ સામે લડતી વખતે પણ તેમની માન્યતાઓ અને જીવનશૈલીને મજબૂત કરીને, તેમની પોતાની મૌખિક કથાઓને સાચવી અને આગળ વધારી છે. તાજેતરનાં વર્ષોમાં કોર્પોરેટ કંપનીઓ દ્વારા હાઇજેક કરાયેલું રાજ્ય આદિવાસીઓને તેમની જમીનથી વંચિત રાખવા પર વળેલું છે. આ બધું તેમના માટે રાષ્ટ્રીયતાનો અર્થ બદલી રહ્યું છે.

ગુજરાતમાં બિનઆદિવાસી લેખકોએ આદિવાસી અને વિચરતા સમુદાયોની

ઘટનાને પ્રભાવશાળી રીતે સમજવાનો પ્રયાસ કર્યો છે. બહારના વ્યક્તિ માટે આદિવાસી હોવાના વિચારનો ભલે વાંધો હોય પણ ગુજરાતનો આદિવાસી પોતાની દુનિયામાં ખુશ છે. વૈશ્વિકીકરણની દુનિયામાં શિક્ષણ અને અગ્ર સમૂહોની રીતભાત અપનાવવાથી રાષ્ટ્રનું નિર્માણ શાંતિપૂર્વક થઈ રહ્યું છે. વજેસિંહ પારગી, જિતેન્દ્ર વસાવા, જગન નાઈક, માનસિંગ ચૌધરી, આનંદ વસાવા, કુલિન પટેલ, બરખા વળવી, બાબુ સંગાડા, રોશન ચૌધરી, રાજેશ રાઠવા જેવા અનેક કવિઓએ આદિવાસી સ્વરથી બદલાતી વિશ્વવ્યવસ્થા સાથેનો અને સામેનો મજબૂત પ્રતિભાવ રચવાનું શરૂ કર્યું છે.

1871ના કાનૂન થઈ જન્મજાત ગુનેગાર ગણાયેલ આદિવાસીઓ વિશે તેઓ ખુદ અન્યો એ સાહિત્ય રચે છે. કવિતામાં દક્ષિણ છારા, અનીશ ગારંગે, આતિશ ઈન્દ્રેકર, સન્ની પટણી, રુચિકા છારા વિ. છે.

દેશ અને રાષ્ટ્ર વિશે એમાં થતું મંથન સમાજની સમજને નવાં પરિમાણ આપે છે. શોષણ, અન્યાય, જુલમ છે, છતાં તેઓના સાહિત્યમાં કુદરતનું અને આદિવાસિયતનું ગાન છે. એમાં સંવાદિતા અને ન્યાયની આશાભરી આવતીકાલ માટેનો મજબૂત ઉદ્યમ છે.

---

*આદિલોક, તંત્રી : આનંદ વસાવા, મે-જૂન ૨૦૨૫માં પ્રગટ*